# ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ (FDI) નીતિ: આર્થિક સુધારા પહેલા અને પછીના સમયગાળાનો વિશ્લેષણાત્મક અભ્યાસ

DR. RITA CHANDARANA
Assistant Professor, Department of Economics,
Maniben Nanavati Women's College, Vile Parle (West), Mumbai-56

**સારાંશ**
*નવા આર્થિક સુધારા અપનાવ્યા તે પહેલા સુધી ભારત સરકારે વિદેશી વેપાર અને વિદેશી રોકાણ પરના નિયંત્રણો દ્વારા ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધાથી બચાવવાની નીતિ અપનાવી હતી. વિદેશી રોકાણ માટે ભારતનો અભિગમ હંમેશા સાવધાનીપૂર્વકનો રહ્યો હતો. આઝાદી પછીની આ સાવધ FDI નીતિને પરિણામે ભારતમાં FDI નો કુલ પ્રવાહ ઓછો હતો. પરંતુ વર્ષ ૧૯૯૧ માં નાણાકીય કટોકટીના નિવારણ અર્થે અમલમાં મૂકવામાં આવેલ નવા આર્થિક સુધારા હેઠળ વિદેશી રોકાણકારો માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું. આ સુધારણાના પગલાઓના એક ભાગ રૂપે ભારતમાં FDIને આકર્ષવા માટેની નીતિ ઘડવામાં આવી. ત્યારબાદ વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણમાં વધારો થવા પામ્યો છે. અહીં પ્રસ્તુત અભ્યાસમાં ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ અંગેની નીતિ કેવા પ્રકારની રહી છે. તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.*

---

**ચાવીરૂપ શબ્દો :** *FDI, નવા આર્થિક સુધારા, FIPB, ઓટોમેટીક રૂટ, સરકારી રૂટ*

---

## ૧. પ્રસ્તાવના

વર્તમાન સમયમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ અથવા FDI તેના સકારાત્મક પરિણામ અને લોકપ્રિયતાને પરિણામે ઘણા દેશોનો અભિન્ન અંગ બની ગયું છે. FDI એ વિદેશમાં સ્થિત અન્ય વ્યવસાય અથવા કંપની દ્વારા કોઈ અન્ય દેશના એક વ્યવસાયમાં માલિકીને નિયંત્રિત કરવાના સ્વરૂપે કરવામાં આવતું મૂડી રોકાણ છે. FDI હેઠળ કોઈપણ દેશને નાણાકીય રોકાણ ઉપરાંત FDI સાથે આવતી ટેક્નોલોજી, કૌશલ્ય અને જ્ઞાનનો લાભ પણ પ્રાપ્ત થાય છે. સમગ્ર વિશ્વમાં વ્યવસાયો વ્યાપક હોવાથી, વૈશ્વિક અર્થતંત્રને આકાર આપવામાં FDI ની ભૂમિકા સતત વધતી જાય છે. રોજગારીની નવી તકોનું સર્જન, ઉત્પાદકતામાં વધારો અને વૈશ્વિક સ્તરે વ્યવસાયો અને દેશો વચ્ચે સારા સંબંધો બનાવીને આર્થિક વૃદ્ધિ અને વિકાસને આગળ ધપાવવા FDI મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. કોઈ ચોક્કસ દેશમાં રોકાણ કરવાનો નિર્ણય રાજકીય પરિસ્થિતિઓ, આર્થિક સ્થિતિ, આંતરમાળખાકીય સવલતો, વ્યાપાર વૃદ્ધિ વગેરે સહિતના ઘણા પરિબળો પર આધાર રાખે છે. સરકારો પણ સબસિડી અથવા કર રાહતો આપીને વિદેશી રોકાણકારોને આકર્ષવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. ભારતના આર્થિક વિકાસ માટે FDI મહત્વની ભૂમિકા ભજવે છે. તત્કાલિન નાણામંત્રી ડૉ. મનમોહન સિંઘ હેઠળ વર્ષ ૧૯૯૧ ની નાણાકીય કટોકટીનાં પગલે ભારતમાં ઉદારીકરણ નીતિ રજૂ કરવામાં આવી હતી. વર્ષ ૧૯૯૧ થી, ભારતમાં FDI સતત ગતિએ વધ્યું છે. ભારત હવે EoDB અથવા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં ટોચના ૧૦૦ દેશોનો એક ભાગ છે. કોઈપણ દેશમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ કેટલું થશે તે જે તે દેશની FDI અંગેની નીતિ પર આધારિત છે. અહીં ભારતમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ અંગેની નીતિ કેવા પ્રકારની રહી છે તે તપાસવાના ઉદેશ્ય સાથે પ્રસ્તુત સંશોધન પેપર રજૂ કરવામાં આવ્યું છે.

## ૨. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

૧. ભારતની નવા આર્થિક સુધારા પૂર્વેની વિદેશી પ્રત્યક્ષ રોકાણની નીતિની તપાસ કરવી.
૨. ભારતની નવા આર્થિક સુધારા બાદની વિદેશી પ્રત્યક્ષ રોકાણની નીતિની તપાસ કરવી.

## ૩. અભ્યાસની પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. અભ્યાસ માટે મુખ્યત્વે અહેવાલો, પુસ્તકો, સામયિકો, સંશોધન પત્રો અને વિવિધ વેબસાઈટને આધાર બનાવવામાં આવ્યો છે.

## ૪. આર્થિક સુધારા પહેલાના સમયગાળામાં ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ (FDI) નીતિ

વર્ષ ૧૯૪૮ માં RBI દ્વારા ભારતની આંતરરાષ્ટ્રીય અસ્કયામતો અને જવાબદારીઓના સંદર્ભમાં સૌથી પહેલું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. તે પ્રમાણે ભારતમાં કુલ વિદેશી મૂડીરોકાણ રૂ. ૨૫૬ હતું. જે મોટે ભાગે યુ.કે. થી આવતું હતું. આ રોકાણ મોટે ભાગે કુદરતી સંસાધનોના સંશોધન અને વેપાર સાથે સંબંધિત હતું. ૬ એપ્રિલ, વર્ષ ૧૯૪૯ ના રોજ જવાહરલાલ નેહરુ દ્વારા બંધારણ સભાને આપેલ નિવેદનમાં વિદેશી રોકાણ અંગેની સત્તાવાર સ્થિતિ પ્રાપ્ત થઈ. દેશની આર્થિક અને ટેક્નિકલ પ્રગતિ માટે વિદેશી મૂડીરોકાણને દેશની બચતની પૂરક ગણવામાં આવી. ભારતની નાજૂક લેણદેણની તુલા અને દુર્લભ વિદેશી અનામતની તપાસણી બાદ વિદેશી રોકાણની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી.

વર્ષ ૧૯૫૦ થી વર્ષ ૧૯૬૦ દરમિયાન વિદેશી રોકાણ માટે ભારતનો અભિગમ હંમેશા સાવધાનીપૂર્વકનો રહ્યો હતો. હંમેશા એ ખાતરી કરવામાં આવી હતી કે ઉદ્યોગોની માલિકી અને નિયંત્રણ મુખ્યત્વે ભારતના રોકાણકારો પાસે રહે. અર્થતંત્ર માટે ફાયદાકારક હોય એ દિશામાં વિદેશી રોકાણને મહત્વ આપવાની નીતિ રાખવામાં આવતી હતી. ૧૯૫૦ ના દાયકા સુધી તેલ ક્ષેત્ર સિવાયના ક્ષેત્રોમાં FDI ભાગ્યેજ રહે તેવું ચુસ્ત દેખરેખ રાખવામાં આવતી હતી.

ભારતની બીજી પંચવર્ષીય યોજના (૧૯૫૬-૬૧) થી પરિસ્થિતિ બદલાઈ. આ યોજનામાં ઝડપી ઔદ્યોગિકીકરણને ઉચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હતી. ભારતની વિકાસની વ્યૂહરચનામાં આયાતના સ્થાને ઔદ્યોગીકરણની વ્યૂહરચના પર વિચાર કરવામાં આવ્યો. આ વ્યૂહરચના એ મશીનરી નિર્માણ ક્ષેત્ર સહિત ભારે ઉદ્યોગોમાં સ્થાનીય ક્ષમતાના વિકાસ માટે વિચારવામાં આવ્યું. આ યોજનામાં સ્વદેશી ઉદ્યોગની ટેકનીકલ ક્ષમતાઓ વધારવા પર ભાર મૂક્યો હતો. જેથી ગુણવત્તાયુક્ત મૂડી, મધ્યવર્તી અને ઉપભોગની ચીજ વસ્તુઓના ઉત્પાદન ક્ષેત્રે દેશ આત્મનિર્ભર બને. પરંતુ વર્ષ ૧૯૫૭-૫૮ ના સમયગાળામાં  વિદેશી વિનિમયની કટોકટી વિકટ બની હતી. ઘરેલુ ઉદ્યોગો માટે જરૂરી સાધનો અને મોટા પાયે મશીનરી આયાત કરવા માટે સંસાધનો અપૂરતા હતા. ત્યારે ટેકનીકલ સ્વ-નિર્ભરતાના ઉદ્દેશ્યએ FDI પ્રત્યે સરકારનું વલણ ઉદાર બન્યું.

આયોજનના લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખી ક્ષમતામાં રહેલ અંતર ભરવા માટે વર્ષ ૧૯૬૧ માં એવા ઉદ્યોગોની સૂચી જાહેર કરવામાં આવી જેમાં વિદેશી મૂડીરોકાણને આવકારવામાં આવ્યું હતું. સમગ્ર રીતે ૧૯૫૦ અને ૧૯૬૦ના દાયકાના અંતમાં નાણાકીય પ્રોત્સાહનો સાથે વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવાનું શરૂ થયું. જેથી દેશમાં FDI નું કુલ પ્રમાણ વર્ષ ૧૯૪૮ માં રૂ. ૨૫૬ કરોડ હતું જે વધી ને વર્ષ ૧૯૬૪ માં રૂ. ૫૬૬ કરોડ અને માર્ચ ૧૯૭૪ માં વધીને રૂ. ૯૧૬ કરોડ થયું હતું. આ રોકાણમાં વધારો  સ્વતંત્રતા સમયે લગભગ ૨૦% થી વધીને ૪૦% કરતા વધારે થયો હતો. આ ઉપરાંત ૪૦% સુધીનું વિદેશી મૂડીરોકાણ અને વિદેશી સહયોગ સાથે જોડાયેલ મુદ્દાઓનું સમાધાન કરવા માટે વર્ષ

૧૯૬૮ માં વિદેશી રોકાણ બોર્ડ સ્થાપિત કરવામાં આવ્યું હતું. ૪૦% કરતા વધારે વિદેશી સ્વામિત્વ સંબંધિત મુદ્દાઓ માટે એક કેબીનેટ સમિતિ ગઠિત કરવામાં આવી હતી.

તેમ છતાં વર્ષ ૧૯૭૦ સુધી વિદેશી રોકાણ પર ભારે નિયંત્રણ હતા. આ દાયકામાં FDI ને ઉપભોક્તા વસ્તુઓ સિવાય મૂડી વસ્તુઓ અને ઈન્ટરમીડિયેટ ગુડ્સ તરફ વાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ સમયગાળા દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા FDI પર પ્રતિબંધ રાખવામાં આવતો હતો. એકાધિકાર અને પ્રતિબંધિત વેપાર જેવા પ્રતિબંધિત કાયદાઓ પ્રેક્ટિસ (MRTP) એક્ટ (૧૯૬૯), પેટન્ટ એક્ટ (૧૯૭૦) અને સંલગ્ન બેંકો, કોલસાની ખાણો, વીમા કંપનીઓના રાષ્ટ્રીયકરણ જેવા સંબંધિત પગલાંઓ દવારા FDI પર નિયંત્રણ મૂકવાનો પ્રયત્ન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૭૩ ની ઔદ્યોગિક નીતિના ઠરાવમાં દેશના લાંબા ગાળાના આર્થિક વિકાસ માટે આવશ્યક હોય તેવા નિકાસલક્ષી ઉદ્યોગોમાં FDI ને મર્યાદિત રીતે આવકારવામાં આવ્યું હતું. સૌથી વધુ પ્રતિબંધિત વર્ષ ૧૯૭૩ ના Foreign Exchange Regulation Act (FERA) દ્વારા લાગુ કરવામાં આવ્યા હતા. FERA એ સભાનપણે સ્થાનિક અને વિદેશી રોકાણકારો વચ્ચે ભેદભાવ કર્યો હતો. વિદેશી કંપનીઓની શાખાઓ અને પેટાકંપનીઓને વિદેશી ઈક્વિટીને લઘુમતી હોલ્ડિંગ સાથે કન્વર્ટ કરવા માટે ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. જો કે મહત્વની નિકાસ-લક્ષી કંપનીઓ અથવા અત્યાધુનિક ટેકનોલોજીની જરૂર હોય તેવી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો તેના અપવાદ હતા.

આમ વર્ષ ૧૯૯૧ પહેલા સુધી, ભારત સરકારે વિદેશી વેપાર અને વિદેશી રોકાણ પરના નિયંત્રણો દ્વારા તેના ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધાથી બચાવવાની નીતિ અપનાવી હતી. આઝાદી પછીની આ સાવધ FDI નીતિને પરિણામે ભારતમાં FDI ના પ્રવાહમાં ઘટાડો થયો હતો. વર્ષ ૧૯૮૧માં ટોચના પાંચ રોકાણ કરનાર દેશોમાં જર્મની, યુ.એસ.એ, યુ.કે, જાપાન અને સ્વિટ્ઝર્લેન્ડ હતા અને તેઓ કુલ FDI ના પ્રવાહમાં ૮૬% હિસ્સો ધરાવતા હતા. વર્ષ ૧૯૯૦ માં, ટોચના પાંચ રોકાણ કરનારા દેશો યુ.એસ.એ, સ્વિટ્ઝર્લેન્ડ, જર્મની, યુ.કે અને ઈટાલી હતા અને તેઓ કુલ FDI ના પ્રવાહમાં લગભગ ૫૭% હિસ્સો ધરાવતા હતા. આ FDIનું પ્રમાણ વર્ષ ૧૯૮૦ માં ૭૯ US $ મિલિયનથી વધીને વર્ષ ૧૯૮૯ માં ૨૫૨ US $ મિલિયનની ટોચે પહોંચ્યું. પરંતુ વર્ષ ૧૯૯૦ માં તે ઘટીને ૨૩૭ US $ મિલિયનન થયું હતું. આમ વર્ષ ૧૯૮૦ થી વર્ષ ૧૯૯૦ દરમિયાન એકંદરે FDI ના પ્રવાહમાં વધઘટ થતી રહી.

### ૫. આર્થિક સુધારા બાદ ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણ (FDI) નીતિ

વર્ષ ૧૯૯૧ પહેલા, ભારત સરકારે વિદેશી વેપાર અને વિદેશી રોકાણ પરના નિયંત્રણો દ્વારા તેના ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધાથી બચાવવાની નીતિ અપનાવી હતી. સ્વતંત્રતા પછી વર્ષ ૧૯૯૦ ના દાયકા સુધી FDI સંબંધિત નીતિઓ કોઈપણ સુસંગત દિશા વિનાની હતી. વર્ષ ૧૯૮૫ સુધી ભારતને લેણદેણ તુલાની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. વર્ષ ૧૯૮૯-૯૦ ના સમયગાળા દરમ્યાન ભારત આર્થિક કટોકટીનું સામનો કરી રહ્યું હતું. આ સમયે બિન રહેવાશી ભારતીય દ્વારા મોકલવામાં આવતા નાણા બંધ થવા પામ્યા હતા, બિન રહેવાસી ભારતીયોએ ભારતીય બેન્કોમાંથી તેમના પૈસા ઉપાડવાનું શરૂ કર્યું હતું, ભારતે એંસીના દાયકામાં લીધેલી ટૂંકા ગાળાની લોનના વ્યાજનનો દર વધી ગયો હતો. નિકાસમાં ઘટાડો થયો હતો, માત્ર બે જ અઠવાડિયાની આયાત કરી શકાય તેટલુંજ વિદેશી ચલણ ભારત પાસે બચ્યું હતું. ફુગાવાનો દર ૧૬.૭% ની સપાટીએ પહોચ્યો હતો. આ આર્થિક કટોકટીની મુશ્કેલીઓમાંથી બહાર આવવા માટે ભારતે માળખાગત સમાયોજન કાર્યક્રમના ભાગ રૂપે જુલાઈ ૧૯૯૧માં નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરવામાં આવી. આ નીતિ હેઠળ FDI માટે ઉદાર પગલાઓ જાહેર કરવામાં આવ્યા. અમૂક રણનીતિક અને પર્યાવરણની દ્રષ્ટીએ

સંવેદનશીલ ઉદ્યોગોને બાદ કરતા ૩૪ ઉદ્યોગોમાં FDI ને માન્યતા આપવામાં આવી. આ ઉપરાંત FIPB (Foreign Investment Promotion Board) ની સ્થાપના કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૯૦ના દાયકામાં નવા આર્થિક સુધારા હેઠળ વિદેશી રોકાણકારો માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું. વર્ષ ૧૯૯૧ થી હાથ ધરવામાં આવેલ નવા આર્થિક સુધારાઓએ ભારતની ઔદ્યોગિક નીતિ અને તેના બાહ્ય સંબંધો એમ બંને ને પ્રભાવિત કર્યા છે. વર્ષ ૧૯૯૧ના નવા આર્થિક સુધારાઓએ નીતિ અભિગમમાં મોટો વળાંક હતો. વર્ષ ૧૯૯૧ માં ભારતના ઔદ્યોગિક આધારને આધુનિક બનાવવા અને નિકાસ વિષયક સ્પર્ધાત્મકતા સુધારવા માટે FDI આકર્ષવા માટેની નીતિ ઘડવામાં આવી હતી. સુધારાના સમયગાળા દરમિયાન, ઔદ્યોગિક નીતિના ક્ષેત્રમાં સંખ્યાબંધ નિયંત્રણો બરતરફ કરવામાં આવ્યા હતા દા.ત. લાઈસન્સ, MRTP અવરોધો દૂર કરવા અને ખાનગી ક્ષેત્ર માટે વિસ્તારો ખોલવા જે અગાઉ જાહેર ક્ષેત્ર માટે આરક્ષિત હતા. આયાત ક્વોટા દૂર કરવામાં આવ્યા હતા (સંપૂર્ણપણે ૨૦૦૧ માં), વિદેશી રોકાણ ઉદાર કરવામાં આવ્યું હતું અને નાણાકીય વ્યવહારો પરના નિયંત્રણો હળવા કરવામાં આવ્યા. આ સાથે FDI ને આકર્ષવા નીચે પ્રમાણેના સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા.

1. ઔદ્યોગિક લાઈસન્સિંગ નાબૂદ કરવામાં આવ્યું અને આ સાથે ઘણા ક્ષેત્રો ખાનગી ક્ષેત્ર અને વિદેશી ભાગીદારી માટે ખોલવામાં આવ્યા હતા. જેમ કે નીચા ટેક્નોલોજી ક્ષેત્રોમાં સીધા રોકાણ પરના નિયંત્રણો પણ દૂર કરવામાં આવ્યા હતા. તેમજ ઉચ્ચ ટેક્નોલોજી કરારો માટે સ્વચાલિત પરવાનગીની જોગવાઈ કરવામાં આવી.
2. RBI દ્વારા અગ્રતા ક્ષેત્રોમાં ૧૦૦% વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ માટે સ્વચાલિત મંજૂરી પ્રક્રિયા શરૂ કરી.
3. ૧૯૯૯માં FERA (Foreign Exchange Regulation Act) ને વધુ ઉદાર ધારો FEMA (Foreign Exchange Management Act) સાથે બદલવામાં આવ્યો.
4. ૨૨ ઉપભોક્તા વસ્તુઓ સિવાયની વસ્તુઓ માટે ઉચ્ચ સ્થાનિક સામગ્રી જરૂરિયાત અને નિકાસ જવાબદારી શરતો દુર કરવામાં આવી હતી. આ ૨૨ વસ્તુઓ પરની શરતોને પણ વર્ષ ૨૦૦૦ માં હટાવી નાખવામાં આવ્યું.
5. FDI ના પ્રવાહને પ્રોત્સાહન આપવા અને મદદ કરવા માટે વિદેશી રોકાણ પ્રોત્સાહન બોર્ડ (FIPB-Foreign investment promotion Board), વિદેશી રોકાણ અમલીકરણ સત્તામંડળ (FIIA- Foreign Investment implementation Authority) અને ઔદ્યોગિક સહાય માટે સચિવાલય (SIA-Secretariat for Industrial Assistance) જેવી મુખ્ય સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. રાજ્ય સ્તરે પણ FDI ને મદદ કરવા સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી.
6. વિદેશી રોકાણકારોને મદદ કરવા માટે ઘણા દ્વિપક્ષીય રોકાણ અને ડબલ ટેક્સ ટાળવાના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. લગભગ ૬૯ દેશો સાથે આ પ્રકારના કરારો થયા છે.
7. વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા કર રાહતો અને સબસિડીની જોગવાઈ પણ કરવામાં આવી હતી.

ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણને આકર્ષિત કરવાના ઉદ્દેશથી અમલમાં મૂકવામાં આવેલ ઉપરોક્ત સુધારાઓમાં કેટલાક સુરક્ષા કારણોસર અને સ્થાનિક રોકાણને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી નિયમિત અને સમયાંતરે ફેરફારો પણ કરવામાં આવ્યા છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT), વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ, વિદેશી પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI) પર સરકારની નીતિ ઘડવા માટે નું નોડલ વિભાગ છે. તે ભારતીય રિઝર્વ બેંક દ્વારા નોંધાયેલા રેમિટન્સના આધારે ભારતમાં થતા FDI અંગેની માહિતીની જાળવણી અને

સંચાલનની મહત્વની ભૂમિકા ભજવે છે. DPIIT દ્વારા મેક ઈન ઈન્ડિયાની શરૂઆત, ચેમ્પિયન સેક્ટર અને પેટા સેક્ટરને ટેકો આપવો, EGoS (Empowered Group of Secretaries) અને પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની સ્થાપના, GIS આધારિત ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફોર્મેશન સિસ્ટમ અને નેશનલ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરન્સ સેલ જેવી વિવિધ પહેલો અને સુધારાઓ હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિઓને વર્ષ ૨૦૦૮ માં શરૂ કરાયેલી સ્કીમ ફોર ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન (SIP) હેઠળ ટેકો આપવામાં આવી રહ્યો છે. સરકારે રૂા. ૯.૭૦ બિલિયનના નાણાકીય ખર્ચ સાથે વધુ પાંચ વર્ષ (નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) માટે SIP ચાલુ રાખવાની મંજૂરી આપી પણ છે.

DPIIT ના ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન સેક્શન દ્વારા રચવામાં આવેલ EGoS ભારતમાં રોકાણ કરવા અને અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોમાં વૃદ્ધિને વેગ આપવા માટે રોકાણકારોને સમર્થન અને સગવડ પૂરી પાડે છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલનને સરળ બનાવીને રોકાણને ઝડપી બનાવવા માટે ૨૯ વિભાગોમાં પ્રોજેક્ટ ડેવલપમેન્ટ સેલની સ્થાપના કરવામાં આવી છે. આ કોષો ભારતમાં રોકાણ કરી શકાય તેવા પ્રોજેક્ટ્સની પાઈપલાઈનને વધારે છે અને બદલામાં સ્થાનિક રોકાણ અને વિદેશી સીધા રોકાણ (FDI) ના પ્રવાહમાં વધારો કરે છે.

DPIIT દ્વારા હાલમાં અસરકારક કોન્સોલિડેટેડ FDI પોલિસી પરિપત્ર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ જારી કરવામાં આવ્યો હતો. FDI નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ઝડપી આર્થિક વિકાસ માટે સ્થાનિક મૂડી, ટેકનોલોજી અને કૌશલ્યોને પૂરક બનાવવા માટે વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણને આકર્ષવા અને પ્રોત્સાહન આપવાનો છે. ભારતની સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોની સુરક્ષાને ધ્યાનમાં રાખી FDI માટે બે માર્ગ રચવામાં આવ્યા છે. અર્થાત FDI ને ઓટોમેટિક રૂટ અથવા સરકારી રૂટ હેઠળ પરવાનગી આપવામાં આવે છે. સરકાર ખાસ ક્ષેત્રોમાં ભારતમાં વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવાના સાધન તરીકે આ માર્ગોનો ઉપયોગ કરે છે.

### ૬. સ્વચાલિત માર્ગ (ઓટોમેટિક રૂટ)

સ્વચાલિત માર્ગ હેઠળ વિદેશી રોકાણકારોને ભારતમાં રોકાણ કરવા માટે ભારતીય સત્તાવાળાઓની પૂર્વ મંજૂરી વગર નક્કી કરેલા ક્ષેત્રોમાં વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ માટેની છૂટ પ્રાપ્ત થાય છે. આ રૂટ હેઠળ, રોકાણકારોએ માત્ર નિર્દિષ્ટ સમયમર્યાદામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ને સૂચિત કરવાની જરૂર છે. આ રૂટ વ્યાપાર કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા અને વિદેશી મૂડીને આકર્ષવા માટે રચવામાં આવ્યો છે. ચોક્કસ સુરક્ષા ચિંતાઓ ધરાવતા ન હોય તેવા ક્ષેત્રોમાં સ્વચાલિત માર્ગ હેઠળ વિદેશી રોકાણકારોને મંજૂરી આપવામાં આવે છે.

### ૭. સરકારી માર્ગ (સરકારી રૂટ)

સરકારી માર્ગ હેઠળ વિદેશી રોકાણકારોએ ભારતમાં રોકાણ કરવા માટે ભારત સરકાર અથવા સંબંધિત મંત્રાલયોની પૂર્વ મંજૂરી લેવી જરૂરી બને છે. આ માર્ગ સામાન્ય રીતે એવા ક્ષેત્રો માટે આરક્ષિત છે જેમાં રાષ્ટ્રીય સુરક્ષા, વ્યૂહાત્મક હિતોનો સમાવેશ થાય છે અથવા ચોક્કસ નિયમનકારી ચિંતાઓ હોય છે. આ માર્ગ સરકારને અર્થવ્યવસ્થાના સંવેદનશીલ ક્ષેત્રો પર નિયંત્રણ જાળવવામાં મદદ કરે છે. કોષ્ટક નં. ૧ માં ભારતના વિવિધ ક્ષેત્રો ઉપરોક્ત બંને માર્ગ હેઠળ FDI માટે આપવામાં આવેલ મંજૂરીની મર્યાદા દર્શાવવામાંઆવી છે.

**કોષ્ટક નં. ૧ ભારતના વિવિધ ક્ષેત્રોમાં FDI માટે નક્કી કરેલ મર્યાદા**

| ક્રમ | ક્ષેત્ર | FDI ની મર્યાદા | માર્ગ |
|---|---|---|---|
| ૧ | બેન્કિંગ- જાહેર | ૨૦% | સરકારી રૂટ |
| ૨ | બેન્કિંગ- ખાનગી | ૭૪% | ૪૯%- ઓટોમેટીક રૂટ<br>૪૯-૭૪% સરકારી રૂટ |
| ૩ | વીમા ક્ષેત્ર | ૭૪% | ઓટોમેટીક રૂટ |
| ૪ | એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૫ | ક્રેડીટ ઈન્ફર્મેસન કંપનીસ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૬ | વ્હાઈટ લેબલ એટીએમ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૭ | પેન્શન સેક્ટર | ૪૯% | ઓટોમેટીક રૂટ |
| ૮ | કૃષિ અને પશુપાલન | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૯ | વાવેતર ક્ષેત્ર | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૧૦ | ખાણકામ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૧૧ | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રિફાઈનિંગ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૧૨ | સંરક્ષણ ઉત્પાદન | ૧૦૦% | ૪૯% સુધી ઓટોમેટીક<br>૪૯% થી વધારે સરકારી રૂટ |
| ૧૩ | પ્રસારણ ટેલિપોર્ટ્સ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૧૪ | બ્રોડકાસ્ટિંગ સામગ્રી સેવાઓ | ૪૯% | સરકારી રૂટ |
| ૧૫ | સમાચાર માટે કામ કરતી પ્રિન્ટ મીડિયા | ૨૬% | સરકારી રૂટ |
| ૧૬ | વૈજ્ઞાનિક અને તકનીકી સામયિકો/વિશેષતા જર્નલ્સનું પ્રકાશન/મુદ્રણ | ૧૦૦% | સરકારી રૂટ |
| ૧૭ | નાગરિક ઉડ્ડયન – એરપોર્ટ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૧૮ | નાગરિક ઉડ્ડયન - હવાઈ પરિવહન સેવાઓ | ૧૦૦% | ૪૯% સુધી ઓટોમેટીક<br>૪૯% થી વધારે સરકારી રૂટ |
| ૧૯ | ટેલિકોમ | ૧૦૦% | ૪૯% સુધી ઓટોમેટીક<br>૪૯% થી વધારે સરકારી રૂટ |
| ૨૦ | રેલ્વે | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૨૧ | RBI, SEBI, IRDAI, અન્ય નિયમનકાર દ્વારા નિયંત્રિત નાણાકીય સેવાઓની પ્રવૃત્તિઓ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૨૨ | ફાર્માસ્યુટિકલ્સ (ગ્રીનફિલ્ડ) | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૨૩ | ફાર્માસ્યુટિકલ્સ (બ્રાઉનફિલ્ડ) | ૧૦૦% | ૭૪% સુધી ઓટોમેટીક<br>૭૪% થી વધારે સરકારી રૂટ |
| ૨૪ | પાવર એક્સચેન્જો | ૪૯% | ઓટોમેટીક રૂટ |
| ૨૫ | બાંધકામ વિકાસ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૨૬ | ઔદ્યોગિક ઉદ્યાનો | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૨૭ | ઉપગ્રહો | ૧૦૦% | સરકારી રૂટ |
| ૨૮ | ઈ-કોમર્સ પ્રવૃત્તિઓ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૨૯ | ખાનગી સુરક્ષા એજન્સીઓ | ૭૪% | ૪૯% સુધી ઓટોમેટીક<br>૪૯% થી ૭૪% સરકારી રૂટ |

| | | | |
|---|---|---|---|
| ૩૦ | સિંગલ બ્રાન્ડ રિટેલ ટ્રેડિંગ | ૧૦૦% | ૪૯% સુધી ઓટોમેટીક<br>૪૯% થી વધારે સરકારી રૂટ |
| ૩૧ | મલ્ટિ-બ્રાન્ડ રિટેલ ટ્રેડિંગ | ૫૧% | સરકારી રૂટ |
| ૩૨ | ડ્યુટી ફ્રી દુકાનો | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૩૩ | ભારતમાં ઉત્પાદિત અથવા ઉત્પાદિત ખાદ્ય ઉત્પાદનો | ૧૦૦% | સરકારી રૂટ |
| ૩૪ | રોકડ અને વહન જથ્થાબંધ વેપાર | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૩૫ | બાયોટેકનોલોજી | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૩૬ | ઈલેક્ટ્રિકલ મશીનરી અને સિસ્ટમ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૩૭ | ફૂડ પ્રોસેસિંગ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૩૮ | બંદરો અને શિપિંગ | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૩૯ | કાપડ અને વસ્ત્રો | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |
| ૪૦ | ટુરીસમ એન્ડ હોસ્પીટાલીટી | ૧૦૦% | ઓટોમેટીક રૂટ |

કોષ્ટકનો અભ્યાસ કરતા એ બાબત સ્પષ્ટ થાય છે કે, ભારતમાં મોટા ભાગના ક્ષેત્રોમાં વિદેશી પ્રત્યક્ષ મૂડી રોકાણ (FDI) માટે ખુલ્લા મુકાયા છે. સ્થાનિક ઉદ્યોગની કાર્યક્ષમતાઓને વધારવા, વિદેશી મૂડી, ટેકનોલોજી અને કુશળતાને આકર્ષવાનો ઉદ્દેશ્યથી આર્થિક વિકાસ માટે જરૂરી ક્ષેત્રો જેમ કે માહિતી ટેકનોલોજી, ઉત્પાદન અને અમુક સેવા ક્ષેત્રના ક્ષેત્રોમાં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે છે. વિદેશી રોકાણકારોને કોઈપણ પ્રકારની સરકારની પૂર્વ મંજૂરી વગર ૧૦૦% FDI ને અનુમતિ આપવામાં આવી છે.

જયારે અમુક ક્ષેત્રોમાં FDIને ચોક્કસ મર્યાદા સુધી અને ચોક્કસ શરતો સાથે પરવાનગી આપવામાં આવી છે. સ્થાનિક ઉદ્યોગોને સુરક્ષિત રાખવા, સ્પર્ધાત્મક સંતુલન જાળવવા અથવા વ્યૂહાત્મક વિચારણાઓને ધ્યાનમાં રાખીને આ મર્યાદાઓ ૪૯%, ૭૪% વગેરે રાખવામાં આવી છે. જેમકે પ્રસારણ, બેંકિંગ અથવા સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં, નિયંત્રણ અને નિર્ણય લેવાની પ્રક્રિયા મુખ્યત્વે સ્થાનિક સત્તા હસ્તક રહે તે માટે અથવા રાષ્ટ્રીય સુરક્ષા અર્થે FDI ને મર્યાદિત રાખવામાં આવ્યું છે.

જો કે, કેટલાક ક્ષેત્રો FDI માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત રાખવામાં આવ્યા છે. જેમકે જુગાર, લોટરી, અણું ઉર્જા, રેલ્વે, ચીટ ફંડનો વ્યવસાય, નિધિ કંપની, રિયલ એસ્ટેટનો વ્યવસાય, તમાકુ અને સિગારેટનું ઉત્પાદન કરતા ક્ષેત્રો વગેરે FDI માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત રાખવામાં આવ્યા છે.

આમ, નવા આર્થિક સુધારા હેઠળ ભારતમાં FDI માટેની ઉદાર નીતિ અમલમાં મુકવાને પરિણામે ભારતમાં કુલ FDI માં વધારો થયો છે. વર્ષ ૧૯૯૧ માં ભારતમાં FDI ૧૬૫ US $ મિલિયન હતું. ઉદાર FDI નીતિને પરિણામે તે વધીને FDI વર્ષ ૨૦૦૧ માં વધીને કુલ ૪૨૨૨ US $ મિલિયન થયું હતું. ત્યારબાદ પણ મોટા ભાગના વર્ષોમાં ભારતમાં FDI માં વધારો જોવા મળ્યો છે. વર્તમાન સમયમાં ભારત, આજે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (EoDB) ઈન્ડેક્ષના ટોચના ૧૦૦ દેશોનો એક ભાગ છે. ભારતમાં FDI નો કુલ પ્રવાહ વર્ષ ૨૦૧૪-૧૫ માં ૪૫,૧૪૮ યુ.એસ મિલિયન ડોલર હતો. ત્યારથી તેમાં સતત વધારો થયો છે. છેલ્લા ૨૩વર્ષોમાં દેશમાં કુલ FDI નો પ્રવાહ (એપ્રિલ ૨૦૦૦ – સપ્ટેમ્બર ૨૦૨૩) ૯,૫૩,૧૪૩ યુ.એસ મિલિયન ડોલર જેટલો છે. જ્યારે છેલ્લા ૯ વર્ષોમાં (એપ્રિલ ૨૦૧૪ –

સપ્ટેમ્બર ૨૦૨૩) કુલ FDI નો પ્રવાહ ૬,૧૫,૭૩૦ યુએસ મિલિયન ડોલર હતું. જે છેલ્લા ૨૩ વર્ષના કુલ FDI ના ૬૫% જેટલું છે.

## ૮. સમાપન

નવા આર્થિક સુધારાઓ અમલમાં મૂક્યા તે પહેલા FDI નીતિ નિયંત્રણકારી હતી. જ્યારે વર્ષ ૧૯૯૧ માં ભારતમાં વિદેશી પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (FDI) ને આકર્ષિત કરવાના હેતુથી, સરકારે એક ઉદાર નીતિ અમલમાં મૂકી. FDI ભારતીય અર્થતંત્રના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આને ધ્યાનમાં રાખીને, તાજેતરમાં પણ ભારત વધુને વધુ આકર્ષક રોકાણ સ્થળ બની રહે તે સુનિશ્ચિત કરવા FDI નીતિમાં સુધારાઓ કરવામાં આવ્યા જે હેઠળ મોટાભાગના ક્ષેત્રો/પ્રવૃતિઓમાં સ્વચાલિત માર્ગ હેઠળ ૧૦૦% સુધી FDI ને મંજૂરી આપવામાં આવી છે. આથી ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણમાં વધારો થવા પામ્યો છે. જેથી વિદેશી સીધા મૂડીરોકાણમાં વધારો થયો છે. વર્તમાનમાં ભારત EoDB અથવા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં ટોચના ૧૦૦ દેશોનો એક ભાગ છે.

## સંદર્ભ સૂચી


1. Consolidated FDI Policy (Effective from October 15, 2020) of Department for Promotion of Industry and Internal Trade, Ministry of Commerce and Industry, Government of India, retrieved from https://dpiit.gov.in/sites/default/files/FDI-PolicyCircular-2020 29October2020.pdf
2. Ghatkar, K. (2007). “Foreign Direct Investment in India 1947 to 2007: Policies, Trends and Outlook”, New Century Publication, New Delhi.
3. Khurana, A. and Pal R. (2015). “FDI in india: Post Liberalization Analysis”, retrieved from https://www.amity.edu/jaipur/amr/pdf/jan-jun-2015-vol-4(1)/6.pdf
4. Palit, A. (2009). “India’s Foreign Investment Policy: Achievements & Inadequacies” retrieved from https://www.ifri.org/sites/default/files/atoms/files/av18palitfinal.pdf
5. Sahoo, P. (2013). “FDI Reforms in India: Steps in the Right Direction”, Yojana, December 2013, Vol-57 retrieved from http://yojana.gov.in/cms/(S(lfc4snumscwsp4550bnvhtel))/pdf/Yojana/English/2013/Yojana%20December%202013.pdf